# જાહેરનામુ

**પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/ ૯૩૯ /૨૦૧૫**

**તા.૧૦/૦૪/૨૦૧૫**

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર ,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને . ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ) 33) (૧) (બી (અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૧૪/૦૪/૨૦૧૫, તા.૧૯/૦૪/૨૦૧૫, તા.૨૧/૦૪/૨૦૧૫ તથા તા.૨૪/૦૪/૨૦૧૫ ના રોજ આઇ.પી.એલ.-૨૦૧૫ ૨૦-૨૦ ક્રિકેટ મેચો સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે રમાનાર છે. આ મેચ જોવા મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા દર્શકો તેમજ ખેલાડીઓ અને સેલીબ્રીટીને જોવા માટે એકઠી થતી આમ જનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ-:

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૪/૦૪/૨૦૧૫, તા.૧૯/૦૪/૨૦૧૫, તા.૨૧/૦૪/૨૦૧૫ તથા તા.૨૪/૦૪/૨૦૧૫ ના રોજ આઇ.પી.એલ.-૨૦૧૫ ૨૦-૨૦ ક્રિકેટ મેચો સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે રમાનાર છે અને આ મેચ જોવા માટે મોટા પ્રમાણમાં વાહન સાથે આવતા દર્શકો અને ખેલાડી તેમજ સેલીબ્રીટીને જોવા એકઠા થતાં આમ જનતાની મર્યાદીત સમયમાં અવર-જવર માટે ટ્રાફીક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે (તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૧૪.૦૦ થી) તથા (તા.૨૧/૦૪/૨૦૧૫ અને તા.૨૪/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૧૮.૦૦ થી) મોટેરા સ્ટેડીયમ તરફ જવા માટે જનપથ હોટલ ટી થી મોટેરા સ્ટેડીયમ તરફ જતો માર્ગ ઉપરોક્ત જણાવેલ તારીખો દરમ્યાન જણાવેલ સમયથી મોટેરા સ્ટેડીયમ તરફ જવા માટે એક માર્ગીય કરવા તેમજ મેચ પુર્ણ થવાના સમયે તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના કલાક ૧૮.૦૦ તથા તા.૨૧/૦૪/૨૦૧૫ અને તા.૨૪/૦૪/૨૦૧૫ ના કલાક ૨૧.૦૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ આવતો માર્ગ એકમાર્ગીય કરવામાં આવે છે.

(1) તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના રોજ યોજાનાર આઇ.પી.એલ. ટી-૨૦ મેચો દરમ્યાન પાવરહાઉસ તરફથી આવતા ક્રિકેટમેચ જોવા જનાર વાહનો કલાક ૧૪.૦૦ થી જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ સુધી જઇ શકશે અને તે સિવાયના વાહનો જનપથ ટી થી સીધા વિસત ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે અને આ સમયે મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ કોઇપણ પ્રકારના વાહનો જઇ શકશે નહિ પરંતુ તેઓ વિસત ટી થઇ જનપથ ટી થઇ પાવર હાઉસ તરફ જઇ શકશે તેમજ આઇ.પી.એલ. મેચ પુરી થવાના સમયે કલાક ૧૮.૦૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ વાહનો જઇ શકશે પરંતુ જનપથ ટી તરફથી મોટેરા સ્ટેડીયમ તરફ વાહનો જઇ શકશે નહિ પણ તેઓ જનપથ ટી થઇ વિસત ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે.

(2) તા.૨૧/૦૪/૨૦૧૫ અને તા.૨૪/૦૪/૨૦૧૫ ના રોજ ક્રિકેટ મેચ શરુ થવાના કલાક ૧૮.૦૦ થી પાવરહાઉસ તરફથી આવતા ક્રિકેટ મેચ જોવા જનાર વાહનો જનપથ ટી થઇ

ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે આ સમયે મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ કોઇપણ પ્રકારના વાહનો જઇ શકશે નહી પરંતુ તેઓ વિસત ટી થઇ પાવરહાઉસ તરફ જઇ શકશે. તેમજ મેચ પુરી થવાના સમયે કલાક ૨૧.૦૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ તરફ જઇ શકશે પરંતુ જનપથ ટી તરફથી મોટેરા સ્ટેડીયમ તરફ વાહનો જઇ શકશે નહી પણ તેઓ જનપથ ટી થઇ વિસત ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે.

(3) તપોવન સર્કલ તરફથી મોટેરા ટી (સૃષ્ટી આર્કેડ) થઇ મેચ જોવા આવતાં વાહનો તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના કલાક ૧૪.૦૦ થી મોટેરા સ્ટેડીયમ સુધી આવી શકશે. જ્યારે તે સિવાયના વાહનો સીધા વિસત ટી તરફ જઇ શકશે અને ક્રિકેટ મેચ પુરી થવાના સમય દરમ્યાન કલાક ૧૮.૦૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી તપોવન સર્કલ તરફ મોટેરા ટી થઇ વાહનો જઇ શકશે અને મોટેરા સ્ટેડીયમ તરફ આવી શકાશે નહી.

(4) તપોવન સર્કલ તરફથી મોટેરા ટી (સૃષ્ટી આર્કેડ) થઇ ક્રિકેટ મેચ જોવા આવતાં વાહનો તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના કલાક ૧૮.૦૦ થી મોટેરા સ્ટેડીયમ સુધી આવી શકશે. જ્યારે તે સિવાયના વાહનો સીધા વિસત ટી તરફ જઇ શકશે અને ક્રિકેટ મેચ પુરી થવાના સમય દરમ્યાન કલાક ૨૧.૦૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી તપોવન સર્કલ તરફ મોટેરા ટી થઇ વાહનો જઇ શકશે અને મોટેરા સ્ટેડીયમ તરફ આવી શકાશે નહી.

(5) ન્યુ સી.જી.રોડ કટ ડિવાઇડર સંગાથ મોલથી મોટેરા સ્ટેડીયમ તરફ મોટા વાહનો અવર જવર થઇ શકશે નહી.

(6) કોટેશ્વર તરફથી આવતાં ક્રિકેટ મેચ જોવા આવનાર સિવાયના કોઇપણ વાહનો સ્ટેડીયમ તરફ આવી શકશે નહી.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ .

આ જાહેરનામાનો અમલ તા.૧૪/૦૪/૨૦૧૫ અને તા.૧૯/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૧૪.૦૦ થી અને તા.૨૧/૦૪/૨૦૧૫ અને તા.૨૪/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૧૮.૦૦ થી ક્રિકેટ મેચ પુરી ન થાય ત્યાં સુધી જરુરીયાત મુજબ પોલીસ દ્વારા અમલ કરાવવામાં આવશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૧૫ એ મેં મારી સહી સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૦/૦૪/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા